**મે. સુરતની શ્રમ અદાલત નં.૩ના ન્યાયાધીશશ્રી(એસ.ડી.) અને એડી. ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ**

**ફોજદારી કેસ નં.૪૬૪/૨૦૨૩**
**આંક : ૭**

**ફરિયાદી : નામદાર સરકાર તરફે શ્રી વી. વી. ચૌહાણ**
કારખાનાના નિરીક્ષક અને નાયબ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થય, સુરત
''બી'' બ્લોક, છઠ્ઠો માળ, જીલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ,
સુરત, પીન કોડ નં. ૩૯૫૦૦૧.

**// વિરૂધ્ધ //**

**આરોપી : શ્રી કલ્પેશભાઈ પ્રાણલાલ શેઠ-કબ્જેદાર**
વિનાયક ફુડસ
ઉધોગવાડી કમ્પાઉન્ડ, સુંદરનગર સામે, વાલોડ-બારડોલી, મુ.વાલોડ, તાપી.

**ગુનો : કારખાના ધારા-૧૯૪૮ ની કલમ-૬૨(૧) ના ભંગ અન્વયે.**

**// ચુકાદો //**

(૧) સદર કામ આજ રોજ નેશનલ લોક-અદાલતના દિને રાખવામાં આવેલ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં હાથ પર લેવામાં આવેલ છે. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, સદર કામના ફરીયાદી ધ્વારા હાલના આરોપી સામે કારખાના ધારા-૧૯૪૮ ની કલમ-૬૨(૧) ના ભંગ અન્વયે કારખાના અધિનિયમ-૧૯૪૮ ની કલમ-૯૨ હેઠળ શિક્ષાને પાત્ર ગુના સંદર્ભેની ધોરણોસર ફરીયાદ આ અદાલતમાં દાખલ કરતા આરોપી વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ. આરોપીને સમન્સ બજી જતા આરોપી હાજર થયેલ. આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં આરોપી હાજર હોય જેથી તેઓને ફરીયાદ તથા તેની સાથેના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કરેલ છે. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૫૧ મુજબ ગુનાની વિગતો જણાવી ગુનો કબુલ છે કે કેમ? તેવુ પુછવામાં આવતા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવી આંક-૫ થી ગુનાની કબુલાત અંગે ભારતીય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૫૨ અન્વયે રજુ કરેલ છે. આરોપીએ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતા તેઓને સમજાવવામાં આવેલ છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે. આમ છતાં આરોપીએ પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની આંક-૬ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને જેમાં પણ આરોપી ધ્વારા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આમ આરોપી ધ્વારા સ્વેચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૨) આરોપીએ હાલની ફરીયાદ અન્વયેનો ગુનો કોઈપણ જાતના દબાણ અને લાલચ વિના કબુલ કરતા હોવાનું જણાવીને કબુલાત પુરસીસ રજુ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, અમો આરોપીનો ગુનો કરવાનો કોઈ ઈરાદો ન હતો, અજાણતા અને અજ્ઞાનતાના કારણે ગુનો બનવા પામેલ છે. આ ગુના બદલ અમો અફસોસ વ્યકત કરી પસ્તાવો જાહેર કરીએ છીએ અને ભવિષ્યમાં આવો કોઈ ગુનો ન બને તેની પુરેપુરી ખાત્રી અને ભરોસો આપીયે છીએ.

વધુમાં અમો આરોપી પોતે કુટુંબ પરિવાર ધરાવતા વ્યકિત છીએ. અમોને કેદની સજા કરવામાં આવે તો ધંધા, રોજગાર બંધ થઈ પડે તેમજ અમારા પરિવારને તેમજ સંસ્થાના કામદારોને પણ તેનો ભોગ બનવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેમ છે. જેથી અમો આરોપીને માત્ર દંડની જ અને તે પણ કાયદાની જોગવાઈથી ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૩) આરોપી સામેના ગુનાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ કારખાના ધારા–૧૯૪૮ ની કલમ–૬૨(૧) નો ભંગ કરી તે કાયદાની કલમ–૯૨ મુજબનો શિક્ષા પાત્રને ગુનો કરેલ છે. તે સંજોગામાં આરોપી સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોઈ તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ઘ્યાને લેતાં તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, સજાની જોગવાઈ, ગુનાનો પ્રકાર વિગેરે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુઘ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ પર આપવામાં આવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લેતાં આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે તક આપવામાં આવે તે યોગ્ય અને ન્યાયી જણાય છે. અગાઉ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો કરેલ હોય કે દોષીત ઠરેલ હોય તેવી કોઈ રજુઆત નથી. આરોપી સામેનો આ પ્રથમ ગુન્હો હોય, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૨ અન્વયે કારખાના ધારા–૧૯૪૮ ની કલમ–૬૨(૧)બદલ કારખાના અધિનિયમ–૧૯૪૮ ની કલમ–૯૨ હેઠળ શિક્ષાને પાત્ર ગુના સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને આરોપીને **રૂા.૭,૦૦૦/–(અંકે રૂપિયા સાત હજાર પુરા)** દંડની સજા કરવામાં આવે છે.

(૨) આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ–સુરત.
તા.૧૪/૦૩/૨૦૨૬

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
U.I.C. No.GJ01285
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
અને ન્યાયાધીશ(એસ.ડી),
શ્રમ અદાલત નં.૩, સુરત.